**વડીલોને વંદન**

**અભિનંદન**



અમૃતલાલ ગંગારામ મોઢ
(૧૯૩૭) ફોન: ૨૩૨૨૪૩૦૫

# આજે ગાંધીનગરમાં મતદાન જાગૃતિ રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી તા. ૧૭/૧૨/૨૦૧૨ ના રોજ યોજાનાર છે. સમગ્ર જિલ્લામાં મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ લાવવાના ઉમદા આશયથી સ્વીપ અંતર્ગત મતદાન જાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.જે અંતર્ગત ગાંધીનગર ખાતે તા.૦૫/૧૨/૨૦૧૨ના રોજ અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ, ગાંધીનગરના સહયોગથી કોલેજનાં યુવા વિદ્યાર્થીઓને તેમના મતનું મહત્વ સમજાવવા અને મતદાન અંગેની જાગૃતિ લાવવા માટે ચિત્ર સ્પર્ધા અને ઘ-૬ થી ઘ-૪ના માર્ગ પર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ મતદાન જાગૃતિ રેલીને જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકક્ટર શ્રી પી. સ્વરૂપ લીલી ઝંડી આપી સવારના ૧૧.૦૦ કલાકે -સ્થાન કરાવશે.

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતદાર વિભાગોના મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ લાવવા માટે જિલ્લાના ૨૯૫ ગામોમાં ચૂંટણી સંદર્ભેના પોસ્ટરો ગ્રામ પંચાયત, દૂધ મંડળી, આંગણવાડી,-ાથમિક શાળાઓ જેવી જગ્યાએ લગાડવામાં આવ્યા છે. તેમજ જિલ્લાની વિવિધ બેંકોના ૬૨ એટીએમ ખાતે પણ મતદાન જાગૃતિના પોસ્ટર લાગડવામાં આવ્યા છે. જિલ્લાની સરકારી કચેરીઓ, શાક માર્કેટ, સિવિલ હોસ્પિટલ જેવા જાહેર સ્થળો અને માર્ગો પર મતદાન જાગૃતિના બેનર અને પોસ્ટર લગાડવામાં આવ્યા છે. તે ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયત તેમજ પાણી સમિતિનાં સભ્યો સાથે કૂલ- ૧૬૧ ગામોમાં મતદાન વિશેની જાગૃતિ અંગે બેઠક કરવામાં આવી છે. ૧૦૯ -ાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા રેલી કાઢી અને જિલ્લાની કોલેજોમાં વકૃત્વ અને ચિત્ર સ્પર્ધા દ્વારા મતદાન જાગૃતિ લાવવાનો નવતર -યોગ પણ કરવામાં આવ્યો છે.




## ગજ્જર સુથાર સમાજનો સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા. ૪

ગજ્જર સુથાર સમાજ ગુજરાત રાજ્ય એકમના પ્રમુખ શ્રી અરવિંદભાઈ સુથાર જણાવેલ છે કે, સમાજનો છઠ્ઠો સમૂહ લગ્ન મહોત્સવ તા. ૧૫મી ફેબ્રુઆરીના રોજ ધર્મજ મુકામે યોજાશે.

સમૂહ લગ્નમાં જોડાવવા ઈચ્છતા મેવાડા ગજ્જર વૈશ્ય અને પંચોળી યુવક યુવતીઓએ સમાજની ઓફિસેથી ફૉર્મ મેળવવાનું રહેશે. જન્મ આધાર, પુરાવાની નકલ, પાસપોર્ટ સાઈઝના ૨ ફોટા રજૂ કરવાના રહેશે.

જૂનિયર કે.જી થી ધોરણ-૧૨ તથા ડિપ્લોમા, પી.ટી.સી., અનુસ્તાનકના ગત વર્ષની માર્કશીટની ઝેરોક્ષ નકલો તા. ૩૧મી જાન્યુઆરી સુધી મંત્રીશ્રી હનુમાનભાઈ મિસ્ત્રી, જૈન ઉપાશ્રયની બાજુમાં વાગરા ભરૂચ ખાતે પહોંચતી કરવી. લગ્ન નોંધણી અંગે ગુજરાત સુથાર સમાજ મરી માતાનો ખાંચો, અગ્નિશાંતિ કેન્દ્ર સામે, વડોદરાનો સંપર્ક સાધવો.

## પાંચમા ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૨ પ્રાપ્ત કરવાનું ગૌરવ મેળવતી જીયુવીએનએલની પેટા વીજ કંપનીઓ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની એક અખબારી યાદી જણાવે છે કે, ઊર્જા ક્ષેત્રના વિકાસ માટે વ્યકિતગત અને સંસ્થાઓ દ્વારા થયેલ પ્રદાનને પ્રોત્સાહિત કરવા માટે કાઉન્સિલ ઓફ પાવર યુટીલીટીઝ નવી દિલ્હી દ્વારા 'ઈન્ડીયા પાવર એવોર્ડ' આપવામાં આવે છે.

આ યાદીમાં વિશેષમાં જણાવાયું છે કે, વિવિધ વિષયો હેઠળ આ કાઉન્સિલે પાંચમા પાવર ઈન્ડીયા એવોર્ડ ૨૦૧૨ માટેના નામાંકન પત્ર મંગાવ્યા હતા. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. અને તેની સંલગ્ન વીજ કંપનીઓએ સંબંધિત વિવિધ ક્ષેત્રના વિષયો પર પોતાના નામાંકન આ કાઉન્સિલને મોકલ્યા હતાં. ભૂતપૂર્વ કેન્દ્રિય ઊર્જા સચિવ શ્રી પી. અબ્રાહમના અધ્યક્ષસ્થાને બનેલી પ્રતિષ્ઠિત જયૂરી દ્વારા ગુજરાતના વીજ ક્ષેત્રની વિવિધ કંપનીઓ દ્વારા આ ક્ષેત્રમાં કરવામાં આવેલ વિશિષ્ટ પ્રદાનની નોંધ લેવામાં આવી હતી અને વિવિધ પારિતોષિકો જાહેર કરવામાં આવ્યા હતા. આ પારિતોષિકો નવી દિલ્હી ખાતે તા. ૨૯મી નવેમ્બર ૨૦૧૨ના રોજ યોજાયેલ એક સમારંભમાં એટમિક એનર્જી કમિશન (અણુ ઊર્જા પંચ)ના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી એમ.આર. શ્રી નિવાસનના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતાં.

મધ્ય ગુજરાત વીજ કંપની લી. (એમજીવીસીએલ) વડોદરાને ઓવર ઓલ યુટીલીટી પરફોર્મન્સ ડીસ્ટ્રીબ્યુશન મીકસડ ક્ષેત્રમાં પ્રાપ્ત કરેલ સિધ્ધિ બદલ પારિતોષિક જાહેર કરવામાં આવેલ હતું. આ પારિતોષિક એમજીવીસીએલના અધ્યક્ષ શ્રી રાજગોપાલક આઈએએસ, શ્રી એસ.બી. ખયાલીયા, મેનેજીંગ ડાયરેકટરશ્રી અને શ્રી એસ.એમ. ગોડખીડી, મુખ્ય ઈજનેરશ્રીએ સ્વીકાર્યું હતું. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. (પીજીવીસીએલ) રાજકોટ (અ) એનર્જી એફિસીયન્સી એન્ડ કન્ઝર્વેશન વિષય હેઠળ પારિતોષિક જાહેર થયું હતું. આ પારિતોષિક પીજીવીસીએલના મેનેજીંગ ડાયરેકટર શ્રી ગિરિશ શાહ આઈએએસ એ સ્વીકાર્યું હતું.

## ગાંધીનગર ખાતે છઠ્ઠી ડિસેમ્બરે ઉમાભારતીની જાહેરસભા યોજાશે

ગાંધીનગર, તા. ૪

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અગ્રણી સાધ્વી ઉમાભારતીજી ૬ઠ્ઠીના રોજ ગાંધીનગર આવી રહ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્યના બે દિવસના પ્રવાસે સાધ્વીજી ઉમા ભારતી આવી રહ્યા છે. તેઓ ૬ઠ્ઠીના રોજ ગાંધીનગર ખાતે જાહેરસભા સંબોધશે.

આ જાહેરસભાનું આયોજન સે. ૨૨ ખાતે કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે. સાંજના સુમારે તેઓ આ જાહેરસભાને સંબોધશે.

## અમીનનું રાજીનામું

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બેઠક રાજીવ ગાંધી ભવન ખાતે બોલાવી હતી. પણ બેઠકમાં ગેરહાજર રહેનારા સામે પગલાં લેવાની પણ ચીમકી આપતા નરહરિ અમીનને છોડીને બાકીના તમામ અગ્રણીઓ -કાર્યકરોએ બેઠકમાં હાજરી આપીને પક્ષને જીતાડવા નિષ્ઠાથી કામ કરવાનો નિર્ધાર કર્યો હતો. આથી નરહરિ અમીન એકલા પડી ગયા હતા. આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને નરહરિ અમીન વચ્ચે બંધ બારણે બેઠક યોજાઈ હતી. તેથી ભાજપમાં જોડાશે તેમ લાગે છે.

સૂત્રોના કહેવા મુજબ નરહરિ અમીન સાથે શહેરના મહામંત્રી આશીષ અમીન, પ્રવક્તા જયંતિલાલ પરમાર, અને હિતેશ પટેલ (પોચી) કિસાનસેલના ચેરમેન દશરથ પટેલ, અધ્યાપક સેલના ચેરમેન દિગ્વિજયસિંહ અને શહેરના ઉપપ્રમુખ આર સી પટેલે પણ કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામા આપી દીધા છે. આ તમામ અગ્રણીઓ નરહરિ અમીન સાથે કદાચ આવતીકાલે જ ભાજપમાં જોડાય તેવી શક્યતાઓ છે.

## વાતાવરણમાં પલટો : રાત્રી તાપમાનમાં છ ડિગ્રી વધારો

### વિવિધ શહેરોમાં તાપમાન વધ્યું ઠંડીના ચમકારામાં નોંધપાત્ર ઘટાડો

અમદાવાદ,તા.૪

સમગ્ર રાજ્યમાં સતત ત્રણ દિવસોથી વધી રહેલી ઠંડીમાં આજે ઘટાડો નોંધાયો છે.

આજે અચાનક જ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને રાત્રીના તાપમાનમાં છ ડિગ્રી જેટલો વધારો થતા લોકોએ નહીવત ઠંડીનો અહેસાસ કર્યો હતો. આ ઉપરાંત રાજ્યના વિવિધ શહેરોના લઘુત્તમ તામાનમાં એક થી છ ડિગ્રી જેટલો વધારો થયો છે. બીજી તરફ હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, આગામી ૨૪ કલાક દરમિયાન ઠંડા પવન ફુંકાવાને કારણે ફરી ઠંડીમાં વધારો થવાની પુરે પુરી શક્યતા છે. એકાએક તાપમાનનો પારો ઊંચે જતાં અત્યાર સુધી હાડ થીજાવતી ઠંડીથી ઠુંઠવાયેલા નાગરિકો ગરમીથી આકુળ વ્યાકુળ બની ગયા હતા. ત્યાર બદ આજે રાજ્યનાં જુદાં જુદાં શહેરોનાં લઘુતમ તાપમાન અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ગઈ કાલની સરખામણીમાં આજે પણ રાજ્યનાં મોટા ભાગનાં શહેરોના લઘુતમ તાપમાનમાં બેથી છ ડિગ્રી જેટલો વધારો થયો છે. જેના કારણે ગઈકાલની સરખામણીએ ઠંડીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો.

આજે અમદાવાદ સહિત રાજ્યનાં મોટા ભાગનાં શહેરોના દિવસ અને રાત્રિના તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. જેને કારણે દિવસ દરમિયાન સામાન્ય ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે.

## કોંગ્રેસનું વચન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઉદ્યોગો પણ નથી. માત્ર ગણતરીના ઉદ્યોગપતિઓ જ છે. તેમણે કહ્યું હતું કે, સરકારી-અર્ધ સરકારી અને ગ્રાન્ટેડ સંસ્થાઓમાં પૂરા પગારથી ખાલી જગ્યાઓ ભરાશે. કેન્દ્રના ધોરણે રાજ્યના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના લાભો અપાશે. સચિવાલયના દરવાજા આમ પ્રજા માટે કાયમ માટે ખુલ્લા મુકાશે. રહેમરાહે નોકરી આપવાની પ્રથા ચાલુ કરાશે. જંગલની ખેડાતી જમીન અંગે કરાયેલા દાવાઓનું ૬ મહિનામાં નિરાકરણ કરાશે. આરટીઆઈનો અમલ કરાશે.

આ ઉપરાંત ખેતી માટે ૧૬ કલાક સળંગ પૂરતી ગુણવત્તાવાળી વીજળી અપાશે. ગૌચરની જમીનો અન્ય હેતુ માટે ફાળવવામાં નહીં આવે. ગૌચર બચાવવા પુરતા પગલાં લેવાશે. ખેડૂતોને ૭/૧૨ અને ૮-અના દાખલા વિના મૂલ્યે અપાશે. ખેડૂતોને-પશુપાલકોએ ગાય-ભેંસ, ટ્રેકટર ખરીદવા બે ટકાના વ્યાજે લોન અપાશે. મત્સ્યોદ્યોગ માટે માછીમારોને મળતી સહાયમાં વધારો કરાશે. ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપવાના નિયમનો કડક અમલ કરાશે. માણાવદને કોટનનું એક્સપોર્ટ સેન્ટર તથા તલાલાને કેસર કેરીનું એક્સપોર્ટ સેન્ટર બનાવવા પ્રોત્સાહન અપાશે. રાજ્યમાં ધો. ૧૨ પછીના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે લેપટોપ અપાશે. તથા ધો. ૧૦ પાસ થયેલા વિદ્યાર્થીઓને ટેબલેટ પીસી અપાશે. ત્રણ વર્ષમાં તમામ શાળાઓમાં ઘટતા ઓરડાનું કામ પૂર્ણ કરાશે. તમામને વિનામૂલ્યે જીવનરક્ષક દવાઓ તેમજ મફતમાં કેન્સર, કીડની અને હૃદયરોગની સારવાર અપાશે. હાલ રાંધણગેસના ૬ બાટલા સબસિડી અપાય છે તે વધારીને ૧૨ બાટલા સબસિડીથી અપાશે.રાજ્યની ૮ મહાનગરપાલિકા અને ૧૫૯ નગરપાલિકાના ઘરવિહોણા કુટુંબો માટે મહિલાઓના નામે ઘરનું ઘર અપાશે તેમજ મહિલા બાળ કલ્યાણ, દલિત, આદિવાસી, લઘુમતી સમાજના ઉત્કર્ષ માટે યોજના બનાવાશે. શહેરકરણ-નાગરિક પુરવઠો, વીજળી વાહન વ્યવહાર-માર્ગ-બંદરોનો વિકાસ કરાશે. ૧૮ લાખ હેક્ટરમાં ખેડૂતોને નર્મદાનું પાણી અપાશે. નાણાંકીય વ્યવસ્થાપન અને કેન્દ્ર સાથેના પ્રશ્નો માટે કાયમી વિભાગ શરૂ કરાશે.

# ટિકિટના મામલે ક્ષત્રિય સમાજની અવગણના થતાં ટુંકમાં રણનિતી ઘડાશે

### જિલ્લામાં ૭૦ ટકા વસ્તી હોવા છતાં ક્ષત્રિય સમાજના સ્થાનિક ઉમેદવારને સ્થાન ન મળતા પ્રબળ આક્રોશ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત વિધાનસભાની હાઈ પ્રોફાઈલ ચૂંટણી જંગને લઈને ટિકિટના મુદ્દે ચારેબાજુ કાગારોળ મચી છે. અવગણના અને અસંતોષની લાગણી પ્રબળ બનતા ટિકિટ વંચિત નેતાઓ અને સમાજના આગેવાનોના ચૂંટણી પૂર્વે ચિનગારી ભડકી છે. ગાંધીનગર જિલ્લાની બેઠકો ઉપર પણ ભાજપ અને કોંગ્રેસ દ્વારા ક્ષત્રિય સમાજની અવગણના કરવામાં આવી હોવાનો રોષ પ્રગટ્યો છે. આ મામલે સમાજના આગેવાનો સંગઠીત થઈ આગામી રણનિતી તૈયાર કરવા ટુંકમાં બેઠક યોજશે.

વિધાનસભાની ચૂંટણીના પડધમ વાગી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષો દ્વારા ટિકિટ આપવાની પ્રક્રિયાના અંતે ટિકિટ વંચિતોમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ સર્જાઈ છે. પોતાની સાથે અન્યાય થયો હોવાના અસંતોષ અને ઉભરતા રોષ વચ્ચે આગામી રણનીતિ તૈયાર કરવા તખ્તો ઘડાઈ રહ્યો છે. ગાંધીનગરના ક્ષત્રિય સમાજ સેવા મંચના પ્રમુખ કેસરીસિંહ જી. બિહોલાએ આ મામલે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે વિધાનસભાની આગામી ચૂંટણીને લઈ ભાજપ કોંગ્રેસ દ્વારા ક્ષત્રિય સમાજની અવગણના કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં ક્ષત્રિય સમાજ ઠાકોર/રાજપૂતની ૭૦ ટકા વસ્તી હોવા છતાં એક પણ પક્ષ દ્વારા સ્થાનિક સમાજ સાથે સંકળાયેલા આગેવાનોને ટિકિટ આપવામાં આવી નથી. બિજી તરફ સમાજને ઉપયોગી ન હોય તેવા મૂડીપતિઓ અને કાર્યક્ષેત્ર બહારના આયાતી ઉમેદવારોને સ્થાન આપવામાં આવ્યું છે. રાજકીય પક્ષોના આ રવૈયાથી ક્ષત્રિય સમાજના આક્રોશ ભભૂક્યો છે. સમાજને થયેલા અન્યાયને વાંચા આપવા તેમજ સમાજને મજબૂત રીતે સંગઠીત કરી ચૂંટણીને લઈ ચોક્કસ રણનિતી તૈયાર કરવા નિર્ણય કરાયો છે.

## કોંગ્રેસ ૧૧૨ બેઠકો પર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેમણે કહ્યું હતું કે પ્રજામાં આ સરકાર માટે તિરસ્કારની લાગણી પ્રવર્તી રહી છે. પ્રજાની પીડાને દૂર કરવા માટે કોંગ્રેસ પક્ષે ૧૨ જેટલા મહત્વના વચનો આપ્યા છે અને તે સત્તા પર આવશે એટલે સમય મર્યાદામાં તે પૂર્ણ કરાશે.


શ્રી વાઘેલાએ ભાજપના નેતાઓ નકલ કરવામાં અક્કલ પણ વાપરતા નથી એનું ઉદાહરણ કોંગ્રેસ પક્ષે ઘરના ઘરની યોજનાનો મુદ્દો શ્રેષ્ઠ છે. તેમણે ૫૦ લાખ મકાન બનાવવાનો વાયદો કર્યો છે પરંતુ હાઉસીંગ બોર્ડ અને ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ભાજપ સરકારે બંધ કર્યા છે.

આ સભાને સાંસદ શ્રી જગદીશ ઠાકોરે સંબોધતાં જણાવ્યું હતું કે ભાજપના સત્તાધીશો વાણી વિલાસ કરવાનું છોડી દે. તેમણે જણાવ્યું હતું કે ભાજપના નેતાઓ પ્રજાને વાણી વિલાસ કરી છેતરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પણ પ્રજા હવે બધુ જાણી ગઈ છે.

આ સભાને શ્રી જશુભા રાણા, ડૉ. શ્રી સી.જે. ચાવડા, શ્રી સુરેશ પટેલ, શ્રી પ્રવિણ પટેલ, શ્રી પોપટલાલ પટેલ, હીનાબેન પટેલ સહિતના આગેવાનોએ સંબોધી હતી.

આ સભામાં ૨૫૦થી પણ વધુ કાર્યકરો ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાતા તેમને પ્રમુખશ્રી ડૉ. સી.જે. ચાવડાએ ખેસ પહેરાવી આવકાર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સૂર્યસિંહ ડાભીએ કર્યું હતું.

## શબ્દાવલી - ૪૯૧૪



### આડી ચાવી

૧. પત્ની, ભાર્યા (૫)
૪. જરૂર, ગરજ (૨)
૫. ફરિયાદ, અરજ (૨)
૬. બ્રાહ્મણ, વિધિ કરાવનાર (૨)
૭. દેવું (૩)
૯. કાપવું કે કાપતા થતો અવાજ... દઈને કાપવું (૨)
૧૧. રૂપાનું, ચાંદીનું (૩)
૧૨. એદી, આળસુ (૪)
૧૪. ના ગમતું હોય તેવું (૫)
૧૬. મંત્રી, રાજાનો મંત્રી (૩)
૧૮. 'રૂમ' શબ્દ ઊંધો (૨)
૧૯. ઘણા... ને કારણે ગ્રહો વગરેની વીંટી પહેરતા હોય છે (૪)

### ઊભી ચાવી

૧. સારૂં આચરણ (૫)
૨. સીમા, અંત (૨)
૩. ફરીવાર જોઈ જવું, ... કરવું (૩)
૪. મરણ પ્રસંગે શોક પ્રગટ કરવો (૪)
૭. ખૂન, મારી નાખવું તે (૩)
૮. રાષ્ટ્રી ગીત (૬)
૧૦. ચમકતું (૪)
૧૩. મિલક્ત - મુડી (૩)
૧૫. ભગવાન વિષ્ણુનું વાહન (૩)
૧૬. સાર, સત્ત્વ (૨)
૧૭. 'હસ્ત' નું વિરોધી (૨)

### શબ્દાવલી ૪૯૧૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિમ્બલડન (૩) ફોરા (૫) કમ (૬) સિંહાસન (૯) હીમશીલા (૧૦) ભમરડો (૧૩) કસૂરવાર (૧૭) મદાર (૧૮) ગમ (૧૯) દર (૨૦) પ્રાણ (૨૧) ડત

**ઊભી ચાવી :-** (૧) વિજયસ્તંભ (૨) લપસિંદર (૩) ફોક (૪) રામલીલા (૭) સહિ (૮) નમસ્કાર (૧૧) મતદાર (૧૨) ડોક (૧૪) સૂવાણ (૧૫) વાગડ (૧૬) રમત (૧૭) મદ

SANGHI CEMENT
Kisan
VINAYAK500
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
**મોર્ડન મોટર્સ**
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601